નગરમાં રોજનો ત્રણ હજાર કિલો બરફનો વપરાય છે

ગાંધીનગરમાં રોજના ૩૦૦૦ કિલો બરફનું વેચાણ થાય છે.નગરમાં આ સિઝનમાં આટલો બરફનો સ્ટોક રોજીંદા વપરાશમાં વપરાય છે. વેપારીઓ દ્વારા સૌથી વધુ બરફનો ઉપયોગ કરાય છે.

ગાંધીનગર શહેરમાં ઉનાળો,સિયાળો કે ચોમાસું ત્રણેય સિઝનમાં નગરમાં બરફ જોઈએ તેટલા પ્રમાણમાં મળી રહે છે.નગરમાં સોડાની રેકડી વાળા, દુધના વેપારીઓ,ગલ્લા ધારકો પાણીના પાઉચ માટે બરફનો ઉપયોગ કરે છે. નગરમાં મુખ્ય સેકટર-૨૧,૨૪,૭ તેમજ ઘ-૨,ઘ-૩ અને ઘ-૬ ખાતે વેપારીઓ વેચાણ કરે છે.બરફની એક પાટમાં ૧૫૦ કિલો બરફ આવે છે. દરેક વેપારી આ સિઝનમાં રોજની બે થી ત્રણ પાટનું વેચાણ કરે છે.બરફના વેપારીએ જણાવ્યું કે ઉનાળામાં લગ્ન પ્રસંગ મોટી સંખ્યામાં હોવાથી રોજની ૨૦ થી વધુ પાટ બરફની વેચાય છે.જયારે સૌથી ઓછો બરફ સિયાળામાં માત્ર એક પાટ પણ માડ વેચાય છે.રોજ લઈ જતા વેપારીઓ પણ આ સમયે દેખાતા નથી.બરફ રોજ બરોજમાં વપરાતો હોવાથી આ ધંધો ચાલુ રહે છે. અત્યારના સમયે દરેક વ્યકિતને ઠંડુ વધુ પસંદ હોય છે. શહેરમાં વિવિધ જગ્યાએ બરફનો વેચાણ કરતા વેપારીઓને ત્યા સવારથી લોકોનો ભારે ધસારો જોવા મળે છે. વધુ ગરમી પડતી હોય અને બરફ જલ્દી ઓગળી જાય ત્યારે વધુ વપરાશ થાય છે.જયારે ગરમીને કારણે બરફ ઓગળતા અમારે પણ નુકસાની વેઠવાનો વારો આવે છે. નગરમાં વધુ બરફનો ઉપયોગ હોવાથી અમારે પણ લોકોના આરોગ્યને ધ્યાને રાખીને યોગ્ય ફેકટરીમાંથી જોઈને આરોગ્યપ્રદ બરફ લાવતા હોઈએ છીએ.

આજે સે.૮ મહાદેવના મંદિરે લઘુરુદ્ર યજ્ઞ યોજાશે

પવિત્ર શ્રાવણ માસમાં નગરના શિવ મંદિરોમાં વિશેષ પુજા અર્ચનાનું આયોજન કરવામાં આવે છે.ભોળાનાથના મંદિરો હરહર મહાદેવના નાદથી ગુંજી ઉઠે છે.ભકતો ભકિતમાં તલ્લીન બન્યા છે. શ્રાવણમાસના છેલ્લા સોમવારે ભોળાનાથને શણગારવામાં આવ્યા હતા.ત્યારે તા.૮ સપ્ટેમ્બરને મંગળવારના રોજ શહેરના સેકટર-૮માં આવેલ ત્યંબકેસ્વર મહાદેવના મંદિરે પાટોત્સવ નિમિતે હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ બાદ સાંજે મહાઆરતી તેમજ ભગવાન ભોળાનાથને છપ્પનભોગ નો થાળ ધરાવવામાં આવશે. ઉપરાંત શિવ વંદના અને શિવ આરાધના ભકિતસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. નગરના શિવભકતોને મહાઆરતી તેમજ યજ્ઞનો લાભ લેવા મંદિરના પ્રમુખ રાવજીભાઈ પટેલે આમંત્રણ પાઠવ્યું છે.

સેકટર ૪ ગાર્ડનમાં રમત-ગમતના નવા સાધનો જોઈ બાળકો હરખાયા

ગાંધીનગર તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૪ ના ગાર્ડનમાં રમત ગમતના નવીન સાધનો આવી જતા બાળકાનો ઉસ્તાહ સમાતો નહોતો. છેલ્લા કેટલાય સમયથી સેકટર-૪ના બાળકોને રમવા માટે અન્ય સેકટરના ગાર્ડનમાં જવાનો વારો આવતો હતો.રમત ગમતના સાધનો ઉપલ્બધ છે. પરંતુ વપરાશ માટે યોગ્ય ન હોવાથી તેમજ જર્જરીત હાલતમાં હોવાથી બાળકો ગાર્ડન તરફ આવતા નહોતા પરંતુ તંત્ર દ્વારા અવનવા સાધનો ગાર્ડનમાં મુકતાં બાળકો ખુશીથી ઝુમી ઉઠ્યા હતા.

શહેરના નિર્માણ સમયે નગરના દરેક સેકટરમાં ગાર્ડનનું આયોજન કર્યું હતું.દરેક સેકટરમાં સુંદર ગાર્ડન બનાવ્યા હતા.તેમજ તેમાં વિવિધ રમત ગમતના સાધનો મુકવામાં આવ્યા હૂતા.સેકટરના નાના મોટા બાળકો ગાર્ડનમાં જતાં હતા અને રમતા હતા.પરંતુ સમય જતાં રમત ગમતના સાધનો જુના અને જર્જરીત થઈ જતાં બાળકોને રમતા ઈજા પહોંચે છે. ગાર્ડનમાં યોગ્ય સાધનો ન હોવાથી બાળકો અન્ય સેકટરના ગાર્ડનમાં રમવા માટે જાય છે.

શહેરના જુના સેકટરોમાં મોટાભાગના ગાર્ડન અત્યારે હાલના સંજાગોમાં સુમસામ ભાસે છે. જયારે કેટલાક ગાર્ડન તો અસામાજીક તત્વોનો મનપસંદ અડ્ડો બની ગયા છે. આવા સુમસામ ગાર્ડનમાં કેટલીક અસામાજીક પ્રવૃતિને કારણે બાળકો જતા પણ ડર અનુભવે છે.નગરના કેટલાંક ગાર્ડનમાં અત્યારે હાલ પણ બાળકો રમવા માટે સવાર સાંજ નિયમિત રુપે જતા હોય છે. પરંતુ વર્ષો જુના રમત ગમતના સાધનો જર્જરીત થઈ ગયા હોવા છતા કેટલાય વર્ષોથી તંત્ર દ્વારા બદલવામાં આવ્યા નથી. સેકટર ૪માં જુના થઈ ગયેલા રમત ગમતના સાધનો તંત્ર દ્વારા બદલીને નવા સાધનો લાવવામાં આવતા સેકટરના બાળકો ખુશ થઈ ગયા હતા.

આ સાધનોમાં નાના બાળકો માટે નાના ઘોડા, બતક, હીંચકા,લપસણી,ચકરડી સહિતના તદન નવા સાધનો તંત્ર દ્વારા લાવી દેવામાં આવ્યા છે જે ટુંક સમયમાં લગાડી દેવાશે. શહેરના દરેક સેકટરોમાં જો જુના જર્જરિત સાધનો બદલીને નવા સાધનો તંત્ર દ્વારા નાખવામાં આવે તો નગરના દરેક સેકટરોના બાળકો ખુશી થી ઝુમી ઉઠશે. ત્યારે સરકારી સંપતિને નુકશાન ન પહોંચાડવુ તે પણ આપણી ફરજ બને છે.

નાની ઈસરોલથી મરતોલીના મા ચહેરના ધામે પગપાળા સંઘનું પ્રયાણ

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના નાની ઈસરોલ ગામના મા ચહેરધામના મંદિરેથી ૧૫૦થી વધુ માઈભક્તો રથ લઈને મહેસાણાના મરતોલી ધામે મા ચહેરના દર્શનાર્થે પગપાળા સંઘનું પ્રસ્થાન કર્યું હતું. નાની ઈસરોલના ચહેરમાના ઉપાસક રાનાજી બાવાજી દ્વારા પગપાળા સંઘનું આયોજન કરવામાં આવ્યું હતું. નાની ઈસરોલ ગામે આવેલા ચહેરમાના મંદિરે રવિવારે અને મંગળવારે મા ચહેરના દર્શન કરવા ભક્તોની વિશેષ ભીડ જામે છે. (તસવીર : જય અમીન, મોડાસા)

ચૌધરી કન્યા વિદ્યાલયમાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયુ

સેક્ટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ગણિત, વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. વિભાગ-૧માં પહેલી કૃતિમાં પ્રથમ ક્રમે ઋતુ પુજારા, દ્વિતિય ક્રમે પિનલ ચૌધરી, બીજી કૃતિમાં પ્રથમ ક્રમે રેખા ચૌધરી, દ્વિતિય ક્રમે પ્રિયંકા પટેલ તથા ત્રીજી કૃતિમાં પ્રથમ ક્રમે અમિતા પંડ્યા અને દ્વિતિય ક્રમે નિધિ પટેલ વિજેતા બન્યા હતા. વિભાગ-૨માં પહેલી કૃતિમાં પ્રથમ ક્રમે સુરભી ચૌહાણ, દ્વિતિય ક્રમે ઉન્નતિ પારેખ વિજેતા બન્યા હતા. વિભાગ-૩માં પહેલી કૃતિમાં પ્રથમ ક્રમે મૈત્રી ત્રિવેદી દ્વિતિય ક્રમે હેત્વી પ્રજાપતિ વિજેતા બન્યા હતા. વિજેતા બનનાર વિદ્યાર્થીનીઓને શિક્ષક ગણ તેમજ આચાર્યા સંતોકબેન ચૌધરી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ગુજરાત સરકાર દ્વારા ૭ સ્પોર્ટસ લીગની સ્થાપના કરાશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સરકાર દ્વારા બાસ્કેટબોલ, કબડ્ડી, વૉલીબોલ, ફૂટબોલ, ખો-ખો વગેરે લોકપ્રિય રમતોના પ્રતિભાઓ શોધી પ્રોત્સાહિત કરવા ૭ સ્પોર્ટસ લીગની સ્થાપના કરવાનો નિર્ણય કરાયો છે. સ્પોર્ટસ લીગના પ્રથમ એડીશનમાં ૧૦ હજાર ખેલાડીઓ ભાગ લેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે શાળા તથા કોલેજો www.khelgujarat.org પર રૂ. ૧૦૦૦ ફી સાથે તા. ૨૧મી સપ્ટેમ્બર સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રાજ્ય સરકાર દ્વારા ઝોનલ કક્ષાએ ૭ રમતો માટે રૂ. ૧.૯૬ કરોડના અને સ્ટેટ કક્ષાએ રૂ. ૧.૫૪ કરોડના ઈનામો એનાયત કરાશે.

લીગની પ્રથમ એડીશન માટે ૪.૪૮ કરોડની ફાળવણી : પાંચ લોકપ્રિય રમતોની ઝોનલ અને સ્ટેટ કક્ષાએ સ્પર્ધા યોજાશે : વિજેતાઓને ૩.૫૦ કરોડના ઈનામો અપાશે

સ્પોર્ટસ લીગની પ્રથમ એડીશનમાં બાસ્કેટ બોલ, કબડ્ડી, વોલીબોલ, ફૂટબોલ અને ખો-ખોનો સમાવેશ કરાયો છે. જેમાં કબડ્ડી અને ફૂટબોલ માત્ર પુરૂષો માટે, ખો-ખો માત્ર મહિલાઓ માટે અને બાસ્કેટ બોલ તથા વૉલીબોલ પુરૂષ અને મહિલાઓ બંને માટે યોજાશે. સ્પોર્ટસ લીગનું સંપૂર્ણ આયોજન શાળાઓ દ્વારા સંભાળવામાં આવશે. જેમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત પ્રથમ સ્પોર્ટસ લીગ આત્મનિર્ભર બને ત્યાં સુધી સહાય કરશે. સરકાર દ્વારા લીગ માટે રૂ. ૪.૪૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેમાં વિજેતા ખેલાડીઓને રૂ. ૩.૫૦ કરોડના ઈનામો આપવામાં આવશે.

સ્ટેટ લીગમાં પ્રથમ વિજેતાને રૂ. ૫ લાખ, દ્વિતિય વિજેતાને રૂ. ૩.૫૦ લાખ અને તૃતીય વિજેતાને રૂ. ૨.૫૦ લાખ અપાશે. જ્યારે ઝોન લીગમાં પ્રથમ ક્રમે રૂ. ૨ લાખ, દ્વિતિય ક્રમે રૂ. ૧ લાખ અને તૃતીય ક્રમે રૂ. ૫૦ હજારના ઈનામો આપવામાં આવશે. દરેક રમત માટે ચાર ઝોન અને એક સ્ટેટ લીગ શાળા અને કોલેજ કક્ષાએ સમાંતર યોજાશે.

પ્રાંતિજમાં જન્માષ્ટમી પર્વે શોભાયાત્રા નીકળી

"હિન્દુ રાષ્ટ્રનું પ્રાંતિજ નગર" ત્રણ બોર્ડનું અનાવરણ કરવામાં આવ્યું

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જન્માષ્ટમીના દિવસે શ્રીકૃષ્ણ ભગવાનના જન્મોત્સવની ઉજવણી સાથે સાથે વિશ્વ હિન્દુ પરિષદની સુવર્ણ જયંતીની ઉજવણીની પૂર્ણાહૂતિ પ્રસંગે તા. ૫-૯-૨૦૧૫ને શનિવારના રોજ ભગવાન કૃષ્ણના પ્રતિમા સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી અને શોભાયાત્રાના રૂટો ઉપર ઠેર ઠેર હિન્દુ ધર્મના ભાઈ-બહેનો દ્વારા શોભાયાત્રાને વધાવી હતી.

જન્માષ્ટમીના શુભ દિવસે ૧૯૬૪માં વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના સાધુ, સંતો, મહંતો, આચાર્યો તેમજ મહાપુરુષોના વિચાર વિમર્સ બાદ મુંબઈમાં સંદિપની આશ્રમમાં કરવામાં આવી હતી અને જન્માષ્ટમીના દિવસે વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ અને વિશ્વ હિન્દુ પરિષદ સુવર્ણ જયંતિ વર્ષનું સમાપન આજ દિવસે થતાં હિન્દુ સમાજ માટે જન્માષ્ટમી ઉત્સવ વિશેષ મહત્વ હોવાથી જન્મોત્સવની ઉજવણી સાથે સાથે વિશ્વ હિન્દુ પરિષદની સુવર્ણ જયંતીની ઉજવણીની પૂર્ણાહૂતિ પ્રસંગે પ્રાંતિજ પંખીઘર નાની ભાગોળ બજારચોક થઈ રાંદલ મહાકાલી માતાજીના મંદિર સુધી વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ પ્રાંતિજ પ્રખંડ દ્વારા ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં "હમ સબ હિન્દુ એક'જાતિ પંથ અનેક હમસબ હિન્દુ એક ના નારા સાથે પ્રાંતિજ તથા તાલુકામાંથી હિન્દુ ધર્મના ભાઈ બહેનો મોટી સંખ્યામાં શોભાયાત્રામાં જોડાયા હતા. જ્યારે પ્રાંતિજ ખાતે શોભાયાત્રાનું આયોજન સુનીલભાઈ બી. કડીયા, મેહુલભાઈ બી. પટેલ, નટુભાઈ બારોટ, અરવિંદભાઈ ખમાર દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે આ પ્રસંગે પ્રાંતિજ ખાતે ત્રણ રસ્તા કોલેજ હાઈવે, રેલવે સ્ટેશન એમ ત્રણ જગ્યાએ 'હિન્દુ રાષ્ટ્રનું પ્રાંતિજ નગર' નામના બોર્ડનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું. આવ્યુ છે. આ કાર્યક્રમમાં ગુડાના ચેરમેન આશિષ દવે, સ્થાનિક ધારાસભ્ય, જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ મહાનગરપાલિકાના મેયર તેમજ અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. ગુડા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં આવાસ યોજનાના લાભાર્થીઓને બેંક લોન સંદર્ભે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે ખાસ બેંક લોન મેળાનુ પણ આયોજન પણ કરવામાં આવ્યુ છે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આ સંદર્ભે વિવિધ ૭ જેટલી બેંકો સાથે સમજુતી કરાર પણઁ કરવામાં આવ્યા છે. લાભાર્થીઓને લોન માટે સરળતા રહે તે માટે બેન્કોના લોન મેળાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

નવતર પ્રયોગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આંતરિક પરિવહન માટે મુકવામાં આવ્યા છે. આ પ્રોજેકટ અંતર્ગત નવા સચિવાલય ખાતે ૫૦ કિલોવોટનું સૌર ઉર્જા આધારિત ચાર્જીંગ સ્ટેશન સ્થાપિત કરવામાં આવ્યું છે જેના થકી આ ચારેય વાહનો ચાર્જ થશે, અને નવા સચિવાલય વિસ્તારમાં આવતા મુલાકાતીઓને વિના મૂલ્યે પરિવહનની સુવિધા પૂરી પાડશે. આ પ્રોજેકટના મહત્વ વિશે જણાવતાં મંત્રીશ્રીએ માહિતી આપી હતી કે આ પ્રોજેકટ થકી આશરે વાર્ષિક ૧,૬૪,૦૦૦ સૌર વીજ યુનિટનું ઉત્પાદન અને વપરાશ થશે. જેનાથી અંદાજીત ૨૦,૦૦૦ લીટર પેટ્રોલડીઝલ જેવા ઈંધણોનો બચાવ થશે અને આશરે ૬૦ ટન કાર્બન ડાયોકસાઈડ વાયુનું પ્રદુષણ થતું અટકશે.

બીજા તબક્કાની કામગીરીની વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજય સરકારે સૌર ઉર્જા આધારિત પરિવહન વ્યવસ્થાને જાહેર પરિવહન ક્ષેત્રે પ્રાયોગિક ધોરણે સ્થાપવાનું આયોજન કર્યું છે. જે અંતર્ગત જીએસઈવી૦૨ પાયોલોટ પ્રોજેકટમાં ગાંધીનગરઅમદાવાદ વચ્ચે આંતરશહેર બેટરી ઓપરેટેડ બસો દોડાવવાનું આયોજન કરાયું છે. આ બસમાં ૩૦૩૫ સીટની વ્યવસ્થા હશે. અને આ બસોને સૌર ઉર્જાથી ચાર્જીંગ કરવામાં આવશે. સૌર ઉર્જા આધારિત ચાર્જીંગ સ્ટેશનનું સ્થળ ગાંધીનગર સેન્ટ્રલ બસ સ્ટેન્ડ રહેશે. આ પ્રાયોગિક પ્રોજેકટ ગુજરાત પાવર કોર્પોરેશન લીમીટેડ અને ગુજરાત રાજય પરિવહન કોર્પોરેશનના સંયુક્ત પ્રયાસોથી કરવામાં આવશે.

બોયોગેસ પ્લાન્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટી.વી. કેમેરા લગાવવા માટેનો પણ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું શ્રી રાકેશ પટેલે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ૨૦થી વધુ કેમેરાઓ કોર્પોરેશનની વિવિધ શાખાઓ તેમજ લોબીઓમાં લગાવવામાં આવશે. આ માટે રૂ. ૧ લાખ જેટલો ખર્ચ થવાનો અંદાજ છે. આ માટેની ટેન્ડર પ્રક્રિયા હવે હાથ ધરવામાં આવશે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ જન્મ-મરણ નોંધણી કરનાર સબ-રજીસ્ટ્રારની કામગીરી પી.આર.ઓ. શ્રી બિપીનભાઈ પરમારને સોંપી તેમની નિમણુંક કરી ભલામણ કરતો પ્રસ્તાવ પણ પસાર કર્યો હોવાનું જણાવ્યું હતું. અગાઉ આ જગ્યા માટે મનપાના કર્મચારી હિરાબેનનું નામ સૂચવી પ્રસ્તાવ પણ સ્થાયી સમિતિએ ગત બેઠકમાં કર્યો હતો જે ઉલ્લેખનીય છે.

કબજો સોંપશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવશે. આ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમનુ પણ આયોજન કરવામાં

ઓછો વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વરસાદ રહે તો દુષ્કાળના વર્ષ તરીકે તેને ગણવામાં આવે છે. ઓગષ્ટના મહિનામાં ખુબ ઓછો એટલે કે નહીવત વરસાદ થયો છે. વર્તમાન સ્થિતી સંકેત આપે છે કે એકંદરે મોનસુન વરસાદ સામાન્ય કરતા વધારે ઓછો રહી શકે છે. ઉત્તર પશ્ચિમી મેદાની ભાગોમાં વરસાદ નહીવત જેવો રહ્યો છે. સપ્ટેમ્બર માટે હવામાન વિભાગે આગાહી કરતા કહ્યુ છે કે આ મહિનામાં ૨૫ ટકા ઓછો વરસાદ રહી શકે છે. ચોથી સપ્ટેમ્બરના આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો કોઇ જગ્યાએ હાલમાં વરસાદ નથી.

દક્ષિણ ભારતમાં સૌથી ઓછો વરસાદ રહ્યો છે. અહી સામાન્ય કરતા ૨૨ ટકા ઓછો વરસાદ રહ્યો છે. મધ્ય ભારતમાં ૧૭ ટકા ઓછો વરસાદ રહ્યો છે. આવી જ રીતે ઉત્તરપશ્ચિમ ભારતમાં ૧૩ ટકા ઓછો વરસાદ રહ્યો છે. ઉત્તરપૂર્વમાં બે ટકા ઓછો વરસાદ રહ્યો છે. ઓછા વરસાદના કારણે ભારત સરકાર અને આરબીઆઈની ચિંતામાં વધારો થયો છે. આગામી દિવસો સરકાર માટે ખુબ પડકાર ભરેલા હોઈ શકે છે. કારણ કે તમામ પગલા પર બ્રેક રહી શકે છે. તમામ જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધુ વધે તેવા અભિપ્રાય જાણકાર લોકો આપી રહ્યા છે.

પોઝીટીવ કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કામગીરી શરૂ કરવામાં આવી છે પણ કોઈ શંકાસ્પદ કેસ મળેલ નથી.

દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ સ્વાઈન ફ્લુ માટે બે વોર્ડ અલાયદા બનાવવામાં આવેલ છે. જેમાં એક વોર્ડ સ્વાઈન ફ્લુના શંકાસ્પદ દર્દીઓ માટે અલાયદો રાખવામાં આવ્યો છે જ્યારે પોઝીટીવ આવનાર માટે અલાયદો આઈસોલેશન વોર્ડ તૈયાર કરાયેલ છે. ૨૦ પથારીની સુવિધા ધરાવતા આ બન્ને વોર્ડ આધુનિક સારવાર માટે વેન્ટીલેટર સહિતના સાધનોથી સુસજ્જ હોવાનું હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું છે.

ખેરગઢમાં રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ખેડબ્રહ્મા, તા.૭

ખેડબ્રહ્મા તાલુકાના ખેરગઢ ગામમાં સી.પી.આઈ. દ્વારા રેડ પાડતા મુકેશભાઈ રાજાભાઈ ખેરના ભોગવટાના મકાનની ઓરડીમાંથી મગફળીના ઘાસમાંથી જુદા જુદા માર્કાની પર પ્રાંતીય વિદેશી દારૂ તથા બીયરની બોટલ નંગ ૧૪૬ ઝડપી પાડી હતી. પોલીસે કુલ રૂ. ૨૬૭.૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જલારામ સમાજના હોદેદારો નિમાયા

ગાંધીનગર તા.૭

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાંજલારામ મંદિરના સંતવાણી હોલ ખાતે યોજાઈ હતી. જેમાં સંસ્થાના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. સામાન્ય સભામાં હોદેદારોની વરણી કરવામાં આવી હતી. શહેરના સેકટર ૨૯ ખાતે આવેલા જલારામ મંદિરના સંતવાણી હોલમાં તા ૩૦-૮-૧૫ના રોજ વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી.જેમાં પ્રમુખ તરીકે જીતેન્દ્રકુમાર સેજાણી,ઉપપ્રમુખ તરીકેઅરવિંદભાઈ ઠક્કર, મંત્રી તરીકેસંવતિલાલ જે ઠક્કર, સહમંત્રી તરીકે શૈલેષભાઈ પી મજીઠીયા, કોષાધ્યક્ષ તરીકેરમેશભાઈ પી પુજારા, સહકોષાધ્યક્ષ તરીકે રમેશભાઈ એસ ગઢ્ઢા,તેમજ કારોબારી સભ્યો તરીકે ન્યાલચંદભાઈ ડી ચંદન, ભકિતકાંત કારીયા, હેમંતભાઈ એલ પોપટ, કિશોરભાઈ વી હીન્ડોચા, હરિભાઈ એમ ઠક્કર, સંજયભાઈ સી ખખ્ખર, ભગવતભાઈ કે ઠક્કર સહિત આમંત્રીત સભ્યો તરીકે ટેકચંદભાઈ એમ ઠક્કર, બીપીનભાઈ બી ઠક્કર,અશોકભાઈ પોપટ, નવિનચંદ્ર એસ ચંદારાણા, સંજયભાઈ ડી સંગાણી, કીરીટભાઈ એચ ઠક્કર, ભાઈલાલ આર ઠક્કર,વર્ધીલાલ એ ઠક્કરની નીમણુંક કરવામાં આવી છે.

કાલીપુરા ગામના ગુમ યુવાનનો ગામના જ કૂવામાંથી મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કાલીપુરા ગામમાં રહેતા ૨૮ વર્ષના યુવાન માનસિક રીતે બિમાર હોઈ ઘરમાં કોઈને કહ્યા વગર ચાલ્યો ગયો હતો. બાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરીયાદ અરવિંદભાઈ ભીખાભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ કાલીપુરા ગામનો માનસિક રીતે બિમાર રહેતા પટેલ સંજયભાઈ (ઉર્ફે-જીગો) અરવિંદભાઈ પટેલ ઉં.વ. ૨૮ કે અગાઉ ૩જી સપ્ટેમ્બરના રોજ રાત્રીના સમયે ઘરેથી કોઈને કીધા વગર જતા રહેતા તેના પિતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરીયાદ કરવામાં આવી હતી.

જ્યારે બે દિવસ કાલીપુરા ગામના પટેલ રાકેશભાઈ જયંતિભાઈના ઘર પાછળ આવેલ કૂવામાંથી માનસિક રીતે બિમાર સંજયભાઈનો મૃતદેહ મળી આવતાં પટેલ અનિશકુમાર દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરી હતી અને વાલીવારસોને મૃતદેહ સુપ્રત કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારના પારદર્શક વહિવટથી નોકરીની ઉજવળી તકો ઉભી થઈ

હિંમતનગર ટાઉનહોલમાં સાબરકાંઠા જિલ્લા પંચાયત સેવામાં ૧૯૮ ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરાયા

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા તલાટી કમ મંત્રી, જુનિયર કલાર્ક, મલ્ટી પરપઝ હેલ્થવર્કર અને ફીમેલ હેલ્થવર્કરની સંવર્ગમાં પસંદ થયેલા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૧૯૮ ઉમેદવારોને સોમવારે હિંમતનગરના ટાઉન હોલમાં નિમણુંક પત્ર ગૃહ રાજય મંત્રી તથા અન્ય મહાનુભવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં.

મંત્રી રજનીકાન્ત પટેલે ઉમેદવારોને રાજય સરકારના શ્રેષ્ઠ કર્મયોગી બનવાના અનુરોધ કરી જીવનની કારકિર્દી શરૂ કરવા જણાવ્યું કે, રાજય સરકારે નોકરીઓની ભરતી -ક્રિયાને પારદર્શક બનાવી છે. ઓનલાઈન અરજીથી લઈ ઉમેદવારોની પસંદગી સુધીની -ક્રિયામાં લાગવગ, ભ્રષ્ટાચાર કે વચેટીયા જેવી ગેરરીતિઓને દૂર કરી છે.

રાજય સરકારે ૧૦ વર્ષના બનાવેલા એકશન પ્લાન મુજબ જે તે સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા કેલેન્ડર મુજબ કામગીરી હાથ ધરી છે. નવી નિમણુંક મેળવતા યુવાનોને જણાવ્યું હતું કે આપની કામગીરી દ્વારા જરૂરિયાતમંદોને રાજય સરકારની વિવિધ યોજનાઓનો લાભ યોગ્ય રીતે, યોગ્ય સમયમાં -ાગ થાય.

સાબરકાંઠા જિલ્લા પંચાયત -મુખ શાન્તાબેન પટેલે પસંદ પામેલા ઉમેદવારોને અભિનંદન આપતા જણાવ્યું હતું કે આપની ફરજ બજાવવા સરકારે જે તક આપી છે તે પુરી નિષ્ઠા, ખંત અને -માણિકતાથી બજાવવા કામગીરીને સેવા તરીકે ગણી સારા કર્મચારી બનવા અનુરોધ કર્યો હતો. આ -સંગે સાબરકાંઠા જિલ્લા પંચાયત સેવા પસંદગી દ્વારા લેવાયેલ પરીક્ષામાં જુનિયર કલાર્કમાં ૧૨, તલાટી કમ મંત્રીમાં ૯૩, મલ્ટીપરપઝ હેલ્થવર્કરમાં ૭૨ અને ફીમેલ હેલ્થવર્કરમાં ૨૧ મળી ૧૯૮ ઉમેદવારો સફળ થઈ પસંદગી પામ્યા હતા.

નારાજ થયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રીમતિ આનંદીબેન પટેલે મંદિરના વિકાસ બાબતે તેમજ આવતા શ્રદ્ધાળુઓને લઈ કેટલીક વાતો પણ મહંત શ્રી રામસ્વરૂપદાસજી સાથે કરી મંદિરનું નામ ધોળેશ્વર મહાદેવ કેમ રખાયુ તે જાણવાની ઉત્સુકતા બતાવી હતી.

મહંત રામસ્વરૂપદાસજીએ પુરાણની ટુંકીવાર્તા કહી હતી અને સત્સંગ કર્યો હતો. મહંતશ્રીએ મુખ્યમંત્રીશ્રીને ઓવારણુ તેમજ રૂદ્રાક્ષની માળા અને પ્રસાદની ભેટ આપી હતી.

જાહેર નિવિદા

આથી રસ ધરાવતા મજુર, કોન્ટ્રાક્ટર, મટીરીયલ્સ સપ્લાયરને જણાવવાનું કે, ફોરેસ્ટ તાલીમ હોસ્ટેલ તથા કોન્ફરન્સ હૉલ, ગાર્ડન, કેમ્પસમાં વિવિધ જાળવણીના તથા નવા કામોમાં બિલ્ડીંગ મટીરીયલ્સ, મજુરી, ગાર્ડન જાળવણી, પ્લમ્બીંગ મજુરી / મટીરીયલ્સ, ઈલેક્ટ્રીફિકેશન મટીરીયલ્સ / મજુરી, સુથાર કામ મટીરીયલ્સ / મજુરી, વેલ્ડીંગ કામ મટીરીયલ્સ / મજુરી, સફાઈ કામગીરી, લોન્ડ્રી કામગીરી, કેટરીંગ, પોસ્ટર્સ, ટ્રેનીંગ મટીરીયલ્સ, વાહન જાળવણી અને અન્ય કામગીરી માટે વખતો - વખત હોસ્ટેલ, કોન્ફરન્સ હૉલ અને રેન્જ ઓફીસના નોટીસ બોર્ડ પર કામગીરીની મજુરી / મટીરીયલ્સ માટેની જરૂરીયાત અંગેની જાહેરાત મુકવામાં આવશે. ઉપરોક્ત કામમાં રસ ધરાવતા ઈસમોએ નોટીસ બોર્ડ જોઈ કામગીરી પ્રમાણે ભાવો ભરવાના રહેશે. વધુ જાણકારી માટે નીચે સહી કરનારનો ફોન નં. ૨૩૨ ૫૬૯૨૯ ઉપર સંપર્ક થવા સાધી શકાશે.

સહી/-
પરિક્ષત્ર વન અધિકારી
તાલીમ રેન્જ, ગાંધીનગર

સહી/-
પરિક્ષેત્ર વન અધિકારી
વન્યજીવ તાલીમ રેન્જ, ગાંધીનગર

માહિતી/૧૪૦૯/૨૦૧૫-૧૬